# સત્સંગ સમાચાર

### જળઝીલણી ઉત્સવ

**વડોદરા :** સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી પ્રતિ વર્ષ જળઝીલણી એકાદશીનો મુખ્ય ઉત્સવ વડોદરા મંડળના મુકતો દ્વારા આયોજિત કરાય છે, જેમાં સૌ કોઈ હોંશે હોંશે ભક્તિમાં જોડાય છે. આ વર્ષે ૨૦ સપ્ટેમ્બરના રોજ માલસર મુકામે ગજાનંદ આશ્રમમાં જળઝીલણી ઉત્સવ ઉજવાયો, જેમાં સંતભગવંત સાહેબજી, સૌ સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતોની પુનિત સંનિધિમાં વડોદરા, વેમાર, અવાખલ, સેગવા, સરભાણ, કરજણ, ઈન્દોર, અંકલેશ્વર, ભરૂચ, આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, અમદાવાદ, સુરત આદિ મંડળોનાં ૫૦૦થી પણ વધુ ભક્તોએ લાભ લીધો. આ પ્રસંગે પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્યદિનની પણ ભક્તિસભર ઉજવણી કરવામાં આવી.

સંતોએ કીર્તનોનાં ગાન કર્યાં અને સર્વત્ર આધ્યાત્મિક તરંગો પ્રસરાવ્યા. શેતુલભાઈએ સભાસંચાલન સંભાળ્યું. રસિકભાઈ (મોગરી), અશ્વિનભાઈ પ્રમુખ (વડોદરા), ઉમીફોઈ (વડોદરા), હેમંતભાઈ (વડોદરા) આદિએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભકિત અદા કરી. પૂ. શાંતિદાદાએ ઉત્સવમાહાત્મ્ય, બ્રહ્મજ્યોતિ-મોગરી પર નિર્માણ થનાર નૂતન મંદિર માહાત્મ્ય તેમજ 'અક્ષરમ્ અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોઽસ્મિ' બ્રહ્મમંત્રના યથાર્થ હાર્દ સમજાવી સર્વસ્વનાં સમર્પણ દ્વારા ભક્તિ અદા કરવાની સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. પૂ. રતિકાકાએ આશીર્વાદ અર્પી સૌને કૃતાર્થ કર્યાં. આ પ્રસંગે વડોદરા મંડળનાં બહેનોએ ભેગાં મળીને બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નિર્માણ પામનાર નૂતન મંદિર માટે પોતાનાં ઘરેણાં અર્પણ કરી ભક્તિ અદા કરી, જેનાં દર્શન કરી સૌ કોઈ તેઓની શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજી પ્રતિની ગુરુભક્તિને મનોમન વંદી રહ્યાં.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. 'અનાસક્ત અવસ્થા એ ખૂબ ઊંચી પ્રાપ્તિ છે' એમ જણાવી ગૃહસ્થ મુકતોએ કરેલા સમર્પણને વધાવી લીધું. સૌનાં જીવન ધન્ય બને અને પ્રભુ સૌને ખૂબ સુખી કરે તેવી અંતરની પ્રાર્થનાઓ વહાવી.

ત્યારબાદ સૌ ભક્તો શ્રી ઠાકોરજીને નૌકામાં પધરાવી જળવિહાર કરાવવા પધાર્યા. ઢોલ-નગારાંના તાલ સાથે શ્રી ઠાકોરજીની સુંદર શોભાયાત્રા યોજાઈ. સમૂહ આરતી અને શ્રી નીલકંઠ વર્ણીજીની મૂર્તિનાં જળ અભિષેક કરી સૌએ ભક્તિ અદા કરી. આ પ્રસંગે માલસર ગામના મામલતદારશ્રી એ. જે. પટેલ, માજી સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ સહિત ગ્રામપંચાયતના અગ્રણી સભ્યોએ ઉપસ્થિત રહી ગજાનંદ આશ્રમના સાધુ પૂ. ઉદયભાઈ શાસ્ત્રીનાં અભિવાદન કરી તેઓની સેવાને બિરદાવી. સમગ્ર ઉત્સવનાં સફળ આયોજનની સેવા પૂ. રમેશભાઈ ઝાલાવાડિયા, પૂ. રાજુભાઈ ડે, પૂ. કપિલભાઈ, પૂ. સતીશભાઈ આદિ સંતોનાં માર્ગદર્શન મુજબ વડોદરા મંડળના યુવાનોએ કરી. તે સૌ પર સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા વરસાવી. ◆

*(જે. કે. પટેલના અહેવાલ પરથી સંકલિત)*

**ખારઘર :** અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર મંદિરે સંતભગવંત સાહેબજીની દિવ્ય પ્રેરણા અને આશીર્વાદથી ૧૬ સપ્ટેમ્બર, રવિવારના રોજ જળઝીલણી એકાદશી ઉત્સવ ખારઘર મંડળના નિષ્ઠાવાન હરિભક્ત અરવિંદભાઈના ફાર્મહાઉસ પર હર્ષોલ્લાસથી ઉજવાયો. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી પૂ. યજ્ઞેશભાઈ, પૂ. શ્રેયસભાઈ, પૂ. અનિલભાઈ આદિ સંતો સાથે યુવાનો પધાર્યા, જેઓની સાથે મુંબઈ મંડળના યુવાનોએ સેવાઓ કરી ભક્તિ અર્પણ કરી. ફાર્મહાઉસના જલકુંડમાં કલાત્મક નૈયામાં શ્રી ઠાકોરજીનાં પ્રત્યક્ષ સ્વરૂપોની મૂર્તિઓ પધરાવી. સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ પૂ. હરિભાઈ, પૂ. ઉમેશભાઈ સાથે સમર્પિત વડીલો, ભાઈઓ-બહેનો અને યુવકોની દિવ્ય ઉપસ્થિતિમાં આ સુંદર પર્વ અત્યંત ભક્તિભાવ સહિત ઉજવાયું.



માલસર મુકામે જળઝીલણી એકાદશી પર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



ખારઘર, નવી મુંબઈમાં સંતોની ઉપસ્થિતિમાં જળઝીલણી ઉત્સવ

ઉત્સવ પ્રારંભે યુવાનોએ જળઝીલણી નિમિત્તે નંદપંક્તિના સંતો દ્વારા રચિત કીર્તનો રજૂ કર્યાં અને સૌને ભક્તિસંગીતમાં તરબોળ કર્યાં. દીપકભાઈ અધ્વર્યુએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ચાતુર્માસની આ એકાદશીનું મહત્ત્વ સમજાવ્યું. સંતશ્રી પૂ. યજ્ઞેશભાઈએ શ્રીજીમહારાજ અને તેઓના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજી આપણા સ્વભાવ અને જીવનનું કેવી રીતે પરિવર્તન કરે છે તેનાં દૃષ્ટાંતો આપી સુંદર સમજ પૂરી પાડી. 'આવ્યા હરિ ઊંડને તીરે..' ભજન દ્વારા શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમના મહિમા-ઈતિહાસની વાત કરી સૌને ભક્તિમાં તરબોળ કર્યાં. જગતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભાવ વ્યક્ત કર્યા.

ત્યારબાદ સંતો-વડીલો દ્વારા જળકુંડમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં પૂજન થયા બાદ મંત્રપુષ્પાંજલિ અર્પણ થઈ. સૌ સંતો અને અક્ષરમુક્તોએ શ્રી ઠાકોરજીના જળ-અભિષેક કરી જળકુંડમાં શ્રી ઠાકોરજીને વિહાર કરાવવાનો અદ્‌ભુત લાભ મેળવી બ્રહ્માનંદ કર્યો. ◆

*(મૌલિક અધ્વર્યુના અહેવાલ પરથી સંકલિત)*

**અમદાવાદ :** ૨૩ સપ્ટેમ્બર, રવિવારના રોજ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. ગૌતમભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. ઉત્પલભાઈ આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં અમદાવાદ મંડળના અક્ષરમુક્તોએ ભેગા મળીને જળઝીલણી ઉત્સવ ઊજવ્યો. અક્ષરમુક્ત કૌશલભાઈના ફાર્મહાઉસ પર યુવાનોએ ઉત્સવની સઘળી તૈયારીઓ કરી. પૂ. અશોકભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ઉત્સવહાર્દની સમજ આપી. પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા અને સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. ત્યારબાદ ફાર્મહાઉસમાં આવેલ સ્વિમિંગપુલમાં સુંદર મઝાની કલાત્મક નૌકામાં શ્રી ઠાકોરજીને પધરાવી જળવિહાર કરાવ્યો અને ભક્તિ અદા કરી. આ પ્રસંગે અમદાવાદ પ્રદેશના અક્ષરમુક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને સંતોના સમાગમનો ધન્યલાભ પ્રાપ્ત કર્યો. ◆

**ગુરુસભા :** યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં ૨૦ સપ્ટેમ્બરના રોજ જળઝીલણી ઉત્સવ તેમજ પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્યદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા ઉપસ્થિત રહ્યા. વળી, સંતભગવંત સાહેબદાદાએ પણ પધારી, દર્શન આપી સૌને ધન્ય કર્યા. આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર અને મોગરીના સ્થાનિક અક્ષરમુક્તો મોટી સંખ્યામાં પધાર્યા. યુવાનોએ બ્રહ્મજ્યોતિ સ્થિત વિશાળ જલકુંડને સુશોભિત કરી, સુંદર સભાવ્યવસ્થા ગોઠવી ઉત્સવનાં અદ્‌ભુત આયોજન કર્યાં.

સભા પ્રારંભે ઢોલ-નગારાંના તાલ સાથે સંતો અને યુવાનોએ શ્રી ઠાકોરજીની સુંદર શોભાયાત્રા યોજી ભક્તિ અદા કરી. મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સંતોએ શ્રી પ્રભુજીને જલકુંડમાં બિરાજમાન કર્યા તેમજ કીર્તનોનાં ગાન થયાં તે દરમિયાન શ્રી ઠાકોરજીની નૈયાને જલકુંડમાં વિહાર કરાવ્યો. પૂ. દિલીપભાઈએ જળઝીલણી એકાદશીના દિવ્ય ઉત્સવની સમજ આપી, પૂ. રતિકાકાના જીવનમાહાત્મ્યની વાતો કરી અને યુવાનોની સેવાને બિરદાવી. પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા અને માહાત્મ્યસભર તેમજ નિર્દોષભાવે ભક્તિ કરવાની સમજ આપી સૌને કૃતાર્થ કર્યા. પૂ. શાંતિદાદાએ યુવાનોની કલાત્મકતા, સેવા કરવાના ઉમંગ અને માર્ગદર્શન આપનાર સંતોની ગુરુભક્તિનાં દર્શન કરાવી ઉત્સવ હાર્દને સમજાવ્યો અને પૂ. રતિકાકાના જીવનમાહાત્મ્યની વાતો કરી સૌને ધન્ય કર્યા. આરતી બાદ સૌએ શ્રી ઠાકોરજીના જલાભિષેક કરી જળવિહાર કરાવવાનો ધન્ય લાભ પ્રાપ્ત કર્યો અને પ્રસાદ પ્રાપ્ત કરી સૌએ આનંદ કર્યો. ◆

**માણાવદર :** ૨૦ સપ્ટેમ્બર જળઝીલણી એકાદશી ઉત્સવ તીર્થધામ માણાવદરમાં પ્રાસાદિક અક્ષરદેરી અને પ્રાસાદિક નદીનાં નીરમાં ઉજવાયો. આ પ્રસંગે વ્રતધારી સંતો અને અક્ષરમુક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી. ભક્તોએ સુંદર નાવ શણગારી તેમાં શ્રી ઠાકોરજીને બિરાજમાન કરી જળ



પૂ. શાંતિદાદા અને સંતોના સાંનિધ્યમાં અમદાવાદ મંડળમાં જળઝીલણી ઉત્સવ



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ગુરુસભાના યુવાનો દ્વારા જળઝીલણી ઉત્સવ ઉજવાયો

અભિષેક અને જળવિહારનો ભક્તિલાભ માણ્યો. પૂ. દિનેશભાઈએ પ્રાસંગિક આશીર્વાદ આપી સૌની ભક્તિને બિરદાવી. ◆

*(પૂ. નીરવ ઝાલાવાડિયાના અહેવાલ પરથી સંકલિત)*

**યુ.કે. :** ૨૩ સપ્ટેમ્બર ને રવિવારે બ્રહ્મસ્વરૂપ યોગીબાપા સ્મૃતિદિન નિમિત્તે ભજનસંધ્યા બાદ જળઝીલણી એકાદશીનો મંગલકારી ઉત્સવ ઉજવાયો. શ્રી ઠાકોરજી સમક્ષ સુશોભિત કરાયેલ જળકુંડમાં સંતો અને ભક્તોએ શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવ્યો. શ્રી ઠાકોરજીનાં પૂજન-મંત્ર પુષ્પાંજલિ બાદ સૌ ભક્તોએ જળ-અભિષેક વિધિ કરી. અંતમાં આરતી અર્પણ કરવામાં આવી. સૌ ભક્તોએ આ સમગ્ર વિધિમાં લાભ લઈ ધન્યતા અનુભવી. મહાપ્રસાદ લઈ સૌ વિસર્જિત થયા. આ ઉત્સવ સફળ બનાવવા યુવાનોએ ભક્તિસભર ખૂબ જ સેવાઓ કરી આનંદ પ્રાપ્ત કર્યો. ◆

*(પૂ. હિંમતસ્વામીના અહેવાલ પરથી સંકલિત)*



ડૅન્હમ-યુ.કે. મંદિરમાં પૂ. હિંમતસ્વામી ને સંતોના સાંનિધ્યમાં જળઝીલણી ઉત્સવ

## સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય શાંતિદાદા પ્રાગટ્યોત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના યોગીપ્રસાદના સભાગૃહમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય પ્રત્યક્ષ સંનિધિમાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૭મા પ્રાગટ્યદિનની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વિવિધ મંડળોમાંથી મોટી સંખ્યામાં સંતો-ભક્તો પધાર્યા અને ભગવાનના ધારક સંતના પ્રાગટ્યદિનની ઉજવણીમાં સહભાગી બની ભક્તિ અદા કરી. સભા પ્રારંભે અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનોએ કીર્તનગાન કરી સૌને મુગ્ધ કર્યાં. પૂ. પીટરભાઈએ સભા સંચાલન કર્યું અને પૂ. શાંતિદાદાના માહાત્મ્યનું અદ્‌ભુત ગાન કર્યું. આ પ્રસંગે પૂજન-પુષ્પમાળા અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કરાયા.

પૂ. દિલીપભાઈએ માહાત્મ્યગાન કરતાં જણાવ્યું કે, 'મા માટે મહિમા ગાવાનો હોય તો બહુ બોલી ના શકાય, કારણ કે એ ચોવીસ કલાક આપણા માટે પ્રાર્થના કરતી હોય છે. મહારાજ સમયે મુક્તાનંદ સ્વામી સત્સંગની મા કહેવાતા. આજે શાંતિભાઈ સત્સંગની મા છે. એમની પાસે જાઓ તો કોઈ સામો પ્રશ્ન નહીં, પણ એ ભક્ત કેમ કરીને સુખી થાય બસ એવી પ્રાર્થના કરે ! અમારા સંતો માટે એમણે બહુ પ્રાર્થનાઓ કરી છે. માત્ર સાહેબજી સાથેના સંબંધનો જ તેઓ વિચાર કરે એટલું સાહજિક જીવન છે.'

શ્રી ગુણાતીતાનંદ સ્વામીની પ્રકરણ-૪ની ૧૪૩મી વાતનો આધાર લઈને ડૉ. મનોજભાઈ સોનીએ જણાવ્યું કે, 'સદ્‌ગુરુ સંતો મોટા છે, ભગવાન એમને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાનને એમણે જીત્યા છે, એ ભગવાનના અભિપ્રાયના જાણનારા છે. એ મોક્ષના દાતા છે. એમનાં દર્શને કરીને ભગવાનનું દર્શન છે. એમનો અને ભગવાનનો સંબંધ એવો છે કે એમના વિના ભગવાનને ચાલતું નથી. એમની ઇન્દ્રિયોની ક્રિયાથી બ્રહ્માંડ સચેતન થાય છે. એ અન્નદાતા છે છતાં 'અક્ષરમ્ અહં...' એ ભાવમાં જીવે છે અને પ્રત્યક્ષના દાસ છે. જો સંતોનો મહિમા આવો છે તો એમને ઘડનારા સાહેબજી અને બીજાં પ્રત્યક્ષ સ્વરૂપોનો મહિમા કેટલો હશે ! અને યોગીબાપાનો મહિમા કેટલો હશે ! તે મહિમા ગાવા માટે શબ્દો ઓછા પડે.'

પૂ. રમેશભાઈ ઝા, સીમાબહેને પણ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા કે, "અખંડ પ્રભુ ધારેલા સત્પુરુષ મળે એ મહાભાગ્ય ! યોગીબાપાએ અમને સ્વીકાર્યા ને કહ્યું કે, 'જશુભાઈની આજ્ઞામાં રહેજો.' દાસ થવાના એ નિર્દેશ હતા. દાસપણું એ ઉત્તમ સ્થિતિ છે, સ્વ રહિત થવાનું છે એ આપણી પ્રાર્થના છે, ઉપાસના છે. આપણે એમનો સ્વીકાર કરીએ છીએ ત્યારે દાસત્વપણું આવે છે. સાહેબદાદા સાકાર પ્રત્યક્ષ સ્વરૂપ છે ને આપણા કલ્યાણના દાતા છે. પ્રત્યેક પળ એમની પ્રસન્નતા અર્થે જિવાય, એમની મૂર્તિ આપણા હૃદયમાં અખંડ બિરાજી જાય તે આજની અને શાશ્વતકાળની પ્રાર્થના છે !"

આ પ્રસંગે ઉપસ્થિત અનેક અક્ષરમુક્તોએ પૂ. શાંતિદાદાને પ્રાગટ્યદિને શુભેચ્છાભાવ અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. બાળકો, યુવાનો સહિત અનેક અક્ષરમુક્તોએ બ્રહ્મજ્યોતિ, મોગરી પર નિર્માણાધીન નૂતન મંદિર માટે વિવિધ પ્રકારનાં દાન અર્પણ કરી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા કે, "પૂ. શાંતિભાઈ, પૂ. અશ્વિનભાઈ અને સૌ સંતો એ યોગીજીમહારાજે આપેલી અદ્‌ભુત ભેટ છે ! આ સદ્‌ગુરુ સંતોના જન્મદિવસ ઊજવીએ છે તે આપણા આત્માના કલ્યાણ માટે કરીએ છીએ. એમનો ગુણ લો કે ના લો, એમને કાંઈ ફરક ના પડે પણ જો આપણે ગુણ ગાઈએ તો આપણામાં એ ગુણ આવે ને આપણું કલ્યાણ થઈ જાય. એમના જીવનમાંથી સંદેશો લઈએ કે, કોઈ પણ પ્રશ્ન આવે તો ઢીલા નહીં પડવાનું પણ મંદિરમાં જઈને પ્રભુની સામે બેસીને ધૂન કરવી. જીવનમાં કંઈ પ્રતિકૂળ બને તોપણ પ્રભુ સામે જોયા કરવાનું, તેઓ પર વિશ્વાસ રાખવો અને

નિષ્ઠામાં ડગમગાટ થવા દેવો નહિ. આપણે સત્પુરુષ સાથે જોડાયા એટલે કારણદેહ તો છૂટી જ ગયો છે, હવે અંદરના રાગ-દ્વેષ-અહંકારના ભાવોને બાળવા માટે એમના વચને ભજન, સેવા અને સમર્પણ કરવાનાં છે. એમણે તો યોગીબાપાની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી છે, પણ હવે આપણો સમય આવ્યો છે. આપણે એમનો મહિમા સમજવાનો છે. આવા સંતોના સમાગમે આપણી અંદરની આસક્તિ છૂટશે તેમ તેમ ભક્તિનો આનંદ આવશે." સૌ કોઈ આવું માહાત્મ્ય માણી ધન્ય થયાં. ◆

## સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય રતિકાકા પ્રાગટ્યોત્સવ

**મોગરી :** ૧૬ સપ્ટેમ્બરની રાત્રે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના યોગીપ્રસાદના સભાગૃહમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય પ્રત્યક્ષ સંનિધિમાં સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્ય ઉત્સવની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સ્થાનિક મંડળોના અને સવિશેષ યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના શિક્ષકો આદિ અનેક અક્ષરમુક્તો પધાર્યા અને પૂ. રતિકાકા પ્રતિના પ્રેમભાવને વ્યક્ત કર્યો. દાસત્વભાવનું મૂર્તિમાન સ્વરૂપ એવા પૂ. રતિકાકાના જીવનની માહાત્મ્યપૂર્ણ વાતો પૂ. પીટરભાઈએ સભાસંચાલનની પ્રસ્તાવનામાં કરી. આ પ્રસંગે પૂજન-પુષ્પમાળા અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કરાયા. પૂ. રતિકાકાના વૃક્ષની પેઠે પરોપકારી જીવન અને જીવનભાવનાની ઉમદા વાતો ધનંજય અને પૂ. રાજુભાઈ ડેએ કરી. યોગી વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખાઓના શિક્ષકોએ પૂ. રતિકાકાને વારાફરતી શુભેચ્છાઓ અર્પણ કરી વંદના ધરી.

"એક ભગવાનના સાધુ સંસારમાં વિરક્તભાવથી જીવે, કેવળ પ્રભુમાં અનાસક્ત રહે, સર્વમાં પ્રભુના સંબંધ જોઈને તે રીતે વ્યવહાર કરે, દાસત્વભાવે જ જીવન જીવે અને બ્રાહ્મીસ્થિતિને સહજ રીતે પ્રાપ્ત કરે છે તેવા ભગવાનના ધારક સંતનો પ્રાગટ્યદિન ઉજવાય છે તેનો હૈયે ખૂબ આનંદ છે." તેમ જણાવી પૂ. રતિકાકા અને સૌ સદ્‌ગુરુ સંતોના જીવનમાં ગુરુદેવ યોગીજી મહારાજની જે કૃપા, પ્રેમ અને વાત્સલ્યભાવ વરસ્યાં છે અને તેના ફળસ્વરૂપે એકતા અને એકાંતિકપણાની જે અનુભૂતિ થઈ છે તેને વર્ણવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા કે, "યોગીજી મહારાજે ભેટ આપેલ સાધુના માહાત્મ્યમાં તરબોળ થવાનો ખૂબ આનંદ આવ્યો. ૮૦ વર્ષની ઉંમર હોવા છતાં પણ જે સેવા-ભક્તિની ભાવના પૂ. રતિકાકા સેવે છે તે સૌને પ્રેરણા આપે તેવી છે. આવા સાધુ દુ:ખ ટાળનાર, સુખ આપનાર છે. સંપૂર્ણ વૈરાગ્યભાવ અને અનાસક્તભાવની પ્રાપ્તિ કરાવી આપે એવા મોટા છે. આવા સંતોના મહિમામાં રહેવાથી, મહિમા ગાવા-સાંભળવાથી તેમના પ્રતિનો નિર્દોષભાવ દૃઢ થતાં સાધના સરળ થઈ જાય." સૌ કોઈ માહાત્મ્યમાં રસતરબોળ બની દિવ્ય સ્મૃતિઓ લઈને વિસર્જિત થયાં. ◆

**નડિયાદ :** યોગી વિદ્યાપીઠના કુલગુરુશ્રી સદ્‌ગુરુ સંત પ.પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્યદિનની ઉજવણી ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ શારદા મંદિર ડે સ્કૂલ, નડીઆદના આંગણે સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના દિવ્ય સાંનિધ્યે કરવામાં આવી. પૂ. રતિકાકાની સાથે બ્રહ્મજ્યોતિ, મોગરીથી પૂ. દિવ્યેશભાઈ અને સંતો-ભક્તો પધાર્યા. પૂ. સુનીલભાઈ, પૂ. સરોજબહેન, રાહગીરભાઈ, ગુણાતીત જ્યોતનાં સંત બહેનો, શાળાના બાલવાડીથી ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધીનાં સર્વે સારસ્વત મિત્રો તથા સંસ્થાનાં સેવક ભાઈ-બહેનોની સાથે સાથે પધારેલ મહેમાનો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યાં.

આ પ્રસંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યશ્રી રાહગીરભાઈ પટેલ, શ્રી પંકજભાઈ ભટ્ટ આદિએ માહાત્મ્યગાન કર્યાં. બાલવાડી અને પ્રાથમિક વિભાગનાં આચાર્યા પૂ. સરોજબહેને પોતાના શુભેચ્છા સંદેશમાં સંતભાવથી સમાજ, શિક્ષણ અને ધર્મને જોડવામાં ઉત્તમ ભૂમિકા અદા કરનાર રતિકાકાનાં ઉચ્ચતમ આદર્શો અને કાર્યોની વાત કરી.

પૂ. દિવ્યેશભાઈ અને પૂ. સુનીલભાઈએ પૂ. રતિકાકાના જીવનના વિવિધ પ્રસંગો દ્વારા મહિમાગાન કરાવી તેઓના સંતહૃદયનાં સૌને દર્શન કરાવ્યાં.



પૂ. શાંતિદાદાના ૭૭મા પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજી દ્વારા માહાત્મ્યદર્શન-આશીર્દાન



પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજી દ્વારા માહાત્મ્યદર્શન-આશીર્દાન



શારદા મંદિર, નડિયાદમાં સાહેબજીના સાંનિધ્યે પૂ. રતિકાકાના ૮૦મા પ્રાગટ્યદિનની ઉજવણી

સંતભગવંત સાહેબદાદાએ 'બધાં એક થાઓ અને બધાં નેક થાઓ'ની હિમાયત કરી શુભાશિષ પાઠવી. આ પ્રસંગે સંસ્થાના જુદા જુદા વિભાગના કર્મચારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ શુભેચ્છા કાર્ડ પૂ. રતિકાકાને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પૂ. રતિકાકાએ સૌને આશીર્વચન પાઠવતાં પ્રેમ અને ભાવથી ધર્મ અને શિક્ષણને વધુ ઊંચાઈ પર લઈ જવા માટે સૌએ તત્પર બની કાર્ય કરવું તેમ જણાવી આશીર્વાદ પાઠવ્યા. ઉપસ્થિત સૌએ ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદા અને પૂ. રતિદાદાના આર્શીવાદ મેળવીને ધન્યતા પ્રાપ્ત કરી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અંજનાબહેન મેકવાન અને જશવંતભાઈ પંચાલે કર્યું. ◆

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પારાયણ

૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ અનુપમ મિશનના માણાવદર મંડળમાં સંતભગવંત સાહેબજી દ્વારા પ્રતિષ્ઠિત શ્રી ઠાકોરજીની મૂર્તિ સમક્ષ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' પારાયણનાં આયોજન થયાં. રાજકોટના સમર્પિત અક્ષરમુક્ત મુકુંદભાઈ સરવૈયાએ લાક્ષણિક શૈલીમાં ભક્તિભીના હૃદયે પારાયણ કરી સૌને સર્વોપરી પ્રભુ તથા તેમના પ્રગટ ગુણાતીત સંત સ્વરૂપોના મહિમાની અદ્ભુત વાતો કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધાં. ૧૦૦થી વધુ ભક્તોએ આ પારાયણનો લાભ લીધો. આ પ્રસંગે સદ્ગુરુ સંત પૂ. અરુણભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. રણછોડભાઈ, આદિની ઉપસ્થિતિમાં સૌ ભક્તોએ બ્રહ્માનંદ કર્યો. ૬ ઑક્ટોબરના રોજ અનુપમ મિશનના મોરબી કેન્દ્રમાં અને ૭ ઑક્ટોબરના રોજ શિણાય કેન્દ્રમાં સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. દિલીપભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. રણછોડભાઈ આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં મુકુંદભાઈ સરવૈયાએ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' પારાયણમાં માહાત્મ્યવાણી વહાવી સૌને ઉપાસનાની શુદ્ધ સમજણ પ્રાપ્ત થાય તેવી શૈલીમાં ભક્તિ અદા કરી. આ પ્રસંગે પૂ. રણછોડભાઈ અને પૂ. દિલીપભાઈએ પ્રાસંગિક આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યાં. મુકુંદભાઈની ભક્તિને બિરદાવી પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યાં. આ દિવ્ય પ્રસંગે ૩૫૦થી વધુ અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી લાભ લીધો. ◆




## મંદિરનિર્માણ થકી સંસ્કૃતિનિર્માણ

આ એક સંકલ્પ સાથે સંતભગવંત સાહેબજી અનુપમ મિશનના બ્રહ્મજ્યોતિ મોગરીમાં એક મંદિર નિર્માણ કરવાની પ્રવૃત્તિ આરંભી રહ્યા છે. આપણને સૌને એમાં સેવા મળે, ભક્તિ થાય અને આત્માનું કલ્યાણ થાય એવા એક દિવ્યભાવ સાથે આ મંદિર નિર્માણની પ્રવૃત્તિ થઈ રહી છે.

તન-મન-ધન-આત્માથી જે કોઈ જોડાશે એનું આત્યંતિક કલ્યાણ થશે એવો ભાવ છે. સંતભગવંત સાહેબજીના હૃદયના ભાવ આપણને સૌને સમજાય તે માટે તેઓશ્રી **૧૪મી ઑક્ટોબરના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યે** આપણને સૌને આશીર્વાદ આપવાના છે. તો દેશ-વિદેશમાં વસતા સૌ ભક્તો સમય કાઢી Live Webcast દ્વારા પ્રકાશિત થનાર સંતભગવંત સાહેબજીનાં એ વચનો સાંભળીએ અને મંદિરનિર્માણ થકી સંસ્કૃતિનિર્માણનો સાહેબજીનો જે સંકલ્પ છે એ સંકલ્પમાં આપણે સૌ ભળી જઈએ, આપણા આત્માનું કલ્યાણ કરી લઈએ. જરૂર દર્શન-શ્રવણ કરશોજી ! ◆

## Mandir

### The Force for Spiritual and Cultural Evolution

Through the divine will of Sant Bhagwant Sahebji, a Mandir is being created at Brahmajyoti, Mogri, to grant us an unparalleled opportunity for seva, bhakti and ultimate liberation.

This opportunity for seva - physically, materially and spiritually, is for all mukto worldwide, and the sentiment behind this creation will be conveyed through a live webcast of Sant Bhagwant Sahebji's Aashirwad on **SUNDAY, 14 OCTOBER** at **08:00 pm IST.**

Please let us all specially make note of the date and time and tune in to join in this divine resolve. Sant Bhagwant Sahebji's Aashirwad will be followed by a regular live telecast series of Aashirwad by Sadguru Santo. Please watch this space! ◆

Using your mobile's QR code scanner, you can scan QR code and go to our website's link http://ww2.anoopam.org/mogrimandir directly.